ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૭/૪૪૨૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૫/૦૯/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯થી૧૨ની પ્રથમ વાર્ષિક પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા બાબત.
સંદર્ભ:- તા.૩૧/૦૮/૨૦૧૭ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૫૧/૨૦૧૭ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવેલ વર્ષ-૨૦૧૭/૧૮ના શૈક્ષણિક કેલેન્ડર મુજબ શાળાઓમાં પ્રથમ વાર્ષિક પરીક્ષા તા.૧૪/૦૯/૨૦૧૭ થી તા.૨૨/૦૯/૨૦૧૭ દરમિયાન લેવાનું આયોજન કરવામાં આવેલ હતું. રાજ્યના ઘણા વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે શાળાઓમાં શૈક્ષણિક કાર્યને અસર થયેલ છે. આ અનુસંધાને પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા માટે બોર્ડને રજુઆતો મળેલ હતી. જે અન્વયે તા.૩૧/૦૮/૨૦૧૭ના રોજ બોર્ડ ખાતે મળેલ શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અનુસાર સમગ્ર રાજ્યમાં ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓમાં ધોરણ-૯થી૧૨ની પ્રથમ વાર્ષિક પરીક્ષા તા.૧૪/૦૯/૨૦૧૭ થી તા.૨૨/૦૯/૨૦૧૭ને બદલે તા.૦૩/૧૦/૨૦૧૭ થી તા.૧૩/૧૦/૨૦૧૭ દરમિયાન લેવાની રહેશે. આ ઉપરાંત ધો-૯ અને ધો-૧૦માં શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકન (SCE) અંતર્ગત વિધાર્થીઓના રેમેડીયલ ટીચીંગ અને રીટેસ્ટ અંગેની કામગીરી શાળાકક્ષાએ દ્વિતીયસત્રમાં તા.૦૬/૧૧/૨૦૧૭ થી તા.૧૭/૧૧/૨૦૧૭ દરમિયાન પુર્ણ કરવાની રહેશે. આ અંગેની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરશો.

(આર.આઈ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.

F:\Rakesn Dabhi\Dhanjibhai\ધોરણ-૯થી૧૨ ના પ્રથમ સત્રની પરીક્ષાની.docx